# અમદાવાદમાં કોરોનાનો હાહાકાર

## ગુજરાતમાં વધુ ૭૬ કેસ, કુલ ૨૬૨, ૨૬ સાજા થયા, ૧૭ મોત, ૨૪ કલાકમાં ૧૯૭૫ના ટેસ્ટ થયા, ૩૫૮ના રિપોર્ટ બાકી

ગાંધીનગર, તા.૯ અમદાવાદમાં પણ કોરોના કેસોમાં ચિંતાજનક અને રેકોર્ડ વધારો એક દિવસમાં થયો છે. આની સાથે જ દહેશત વધી ગઈ છે. આજે અમદાવાદમાં ૫૮ કેસો એક સાથે પોઝિટીવ આવ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. આની સાથે જ કેસોની સંખ્યા વધીને ૧૪૨ ઉપર પહોંચી ગઈ છે. અમદાવાદમાં હજુ સુધી છ લોકોના મોત પણ થયા છે. સોમવાર અને મંગળવારના દિવસ ૨૮ કેસો નોંધાયા બાદ બુધવારે કોઈ કેસ રહ્યો ન હતો. આજે એક સાથે ૫૮ કેસો સપાટી પર આવ્યા છે. દાણીલિમડા, આસ્ટોડિયા અને ઘોડાસરમાં તમામ કેસો નિકળ્યા છે. હવે તંત્ર દ્વારા ઘરે ઘરે જઈને તપાસની કામગીરી હાથ ધરનાર છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં એકસાથે ૫૮ જેટલા કોરોના પોઝિટિવના કેસો નોંધાતા સમગ્ર અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ખળભળાટ મચી ગયો છે. અમદાવાદમાં હવે કોરોનાનો રીતસરનો હાહાકાર મચી જતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા વહીવટી તંત્રની સાથે સાથે ખુદ રાજયનું આરોગ્ય તંત્ર દોડતુ થઈ ગયુ છે અને પરિસ્થિતને કાબૂમાં લેવા મૂંઝવણમાં મૂકાયું છે. બીજીબાજુ, તંત્રએ એ વાતનો પણ સ્વીકાર કર્યો છે કે, નિઝામુદ્દીન મકરજના કારણે અમદાવાદ સહિત ગુજરાતમાં કોરોનાનો કહેર ખતરનાક અને ખૂબ ઝડપથી વકર્યો છે. શહેરમાં દાણીલીમડા, જમાલપુર, દરિયાપુરમાં સૌથી વધુ પોઝીટીવ કેસ નોંધાયા છે. આ સાથે જ શહેરના ૧૪ વિસ્તારમાં કલસ્ટર ક્વોરન્ટીન જાહેર કરાયા છે. આજના ૫૮ પોઝિટિવ કેસોમાંથી ૩૧ કેસ દાણીલીમડાના સફી મંઝિલ, શાહરૂખ એપાર્ટમેન્ટ, માઝ એપાર્ટમેન્ટ અને ધોબીની ચાલીમાંથી સામે આવ્યા છે. દાણીલીમડામાં ૭ વર્ષની બાળકીથી લઈ ૭૪ વર્ષના વૃદ્ધનો સમાવેશ થાય છે. અન્ય કેસો જમાલપુર ખજૂરાવની પોળ, દરિયાપુર માતાવાળાની પોળમાંથી સામે આવ્યા છે. દરમ્યાન અમદાવાદમાં એકસાથે ૫૮ કેસો અને બફર ઝોન જાહેર કર્યો છે. કોરોના ચેક પોસ્ટ બનાવી અને ચેકિંગ શરૂ કર્યુ છે. કોરોના સામે કોર્પોરેશન ચાર સ્તંભ પર કામ કરી રહ્યું છે, જેમાં સર્વેલન્સ, ટેસ્ટિંગ, પોઝિટિવ કેસના કોન્ટેક્ટમાં છે તેમને આઈસોલેશન અને ક્વોરન્ટીન અને સારી સારવાર. હાલ સંપૂર્ણ ધ્યાન સર્વે અને ટેસ્ટિંગ પર છે. અમે સામે ચાલીને કેસો શોધીએ છીએ. જો આ રીતે ના શોધ્યા હોત તો વધુ લોકોમાં ફેલાયો હોત. ગઈકાલે એક જ દિવસમાં ૮૮૬ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. દરેકને વિનંતી છે કે ઘરે તપાસ માટે

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ ૧૪૨ | વડોદરા ૨૨ | સુરત ૨૪ | રાજકોટ ૧૩ | ગાંધીનગર ૧૩ | ભાવનગર ૧૮ |
| ગીરસોમનાથ ૦૨ | પોરબંદર ૦૩ | મહેસાણા ૦૨ | પાટણ ૧૨ | કચ્છ ૦૨ | છોટાઉદેપુર ૦૨ |
| પંચમહાલ ૦૨ | જામનગર ૦૧ | મોરબી ૦૧ | સાબરકાંઠા ૦૧ | આણંદ ૦૨ | |

### અમદાવાદમાં કોરોના....

| | |
|---|---|
| કુલ કેસોની સંખ્યા | ૧૪૨ |
| છેલ્લા ૨૪ કલાકમાં કેસો | ૫૮ |
| કુલ મોત | ૦૬ |
| શહેરમાં ક્લસ્ટર વિસ્તારો | ૧૪ |
| આઈસોલેશન સેન્ટર | ૦૩ |
| જમાતના વધુ લોકોની ઓળખ | ૧૧ |
| જમાતના કુલ પોઝિટિવ કેસ | ૧૨ |

### મરકઝના વધુ એક વ્યક્તિ પોઝિટિવ રહેતા ચિંતા : ૧૨ લોકો પોઝિટિવ આવ્યા : ઝા

રાજયના પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝાએ નિઝામુદીન મરકઝમાંથી આવેલા તબલીગી વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજયમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૭ લોકોની ઓળખ કરાઈ છે. આ તમામ લોકોના કોરાનાના ટેસ્ટ કરવામાં આવ્યા છે; જે પૈકીના વધુ એક વ્યક્તિનો કેસ આજે પોઝિટિવ આવતા આ પોઝિટિવ લોકોની સંખ્યા ૧૨ ઉપર પહોંચી છે. સિવાયના તમામને હાલ ક્વૉરન્ટાઈન કરવામાં આવ્યા છે. અન્ય એક ગ્રુપ 'સુરા ગ્રુપ"ના લોકોના પરીક્ષણ અને તપાસની કામગીરી પણ ચાલુ છે.

## ગુજરાતમા લોકડાઉનને વધુ કડક બનાવવાનો અંતે નિર્ણય

કોરોના વાયરસના વધતા જતા સંક્રમણને અટકાવવા માટે લૉકડાઉન તથા કલસ્ટર ક્વોરેન્ટાઈન વિસ્તારોમાં સર્વેલન્સ વધુ ચુસ્ત બનાવવા પોલીસ ફૂટ પેટ્રોલિંગ અને મોટરસાઈકલ પેટ્રોલિંગ વધારશે તેવું જણાવતા રાજ્યના પોલીસ મહાનિદેશક શ્રી શિવાનંદ ઝાએ નાગરિકોને પણ ઘરમાં જ રહીને સોશ્યિલ ડિસ્ટન્સીંગનું જાગૃકતાથી પાલન કરવા અનુરોધ કર્યો હતો.લૉકડાઉનના અમલ દરમિયાન પોલીસ વિભાગની કામગીરીની વિગતો માધ્યમોને આપતા શ્રી ઝાએ ઉમેર્યું કે અમદાવાદ શહેરમાં જે ઝડપભેર સંક્રમણ વધી રહ્યું છે તેવા સંજોગોમાં પોલીસતંત્ર દ્વારા શહેર ક્રાઈમ બ્રાન્ચ તથા સ્પેશ્યલ ઓપેરેશન ગ્રુપ (એસઓજી)ને પણ પેટ્રોલિંગની કામગીરીમાં જોડવામાં આવશે. કોરોનાના સંક્રમણને અટકાવવા અમદાવાદ શહેરના કલસ્ટર ક્વોરેન્ટાઈન વિસ્તારોમાં પોલીસ તંત્રની મદદથી આરોગ્ય વિભાગ દ્વારા લોકોના આરોગ્યની ચકાસણી વધુ સઘન બનાવાશે. આ માટે આરોગ્ય કર્મચારીઓની સુરક્ષા માટે પણ પૂરતો પોલીસ સ્ટાફ ફાળવવામાં આવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. ઝાએ ચિંતા વ્યક્ત કરી હતી કે, હજુ પણ લોકો સવારે વોકિંગ-જોગિંગના બહાને તથા સાંજે આવશ્યક ચીજવસ્તુઓ લેવાના બહાને બહાર નીકળી પડી સોશ્યિલ ડિસ્ટન્સીગનું ઉલ્લંઘન કરતા ધ્યાને આવી રહ્યાં છે. આ પ્રકારે હવેથી જો કોઈપણ નજરે ચડશે તો તેમની સામે ગુન્હો દાખલ થશે. વળી, આવશ્યક ચીજવસ્તુઓના નામે આ લોકડાઉનની વ્યવસ્થામાંથી મુક્તિ મેળવનારા લોકો પણ આ મુક્તિનો દુરુપયોગ કરતા સામે આવ્યા છે, તે ખુબ અનુચિત છે. આ પ્રકારે અમદાવાદના નરોડા પોલીસ મથકની હદમાં એક ખાનગી એમ્બ્યુલન્સ વાનની આડમાં દેશી દારૂની હેરાફેરીનો કિસ્સો સામે આવ્યો છે, જેની સામે અમે કડક કાર્યવાહી કરી છે. આ સાથે પોલીસ કર્મચારીઓની આરોગ્ય ચકાસણી પણ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં એલઆરડી, જીઆરડી તથા પોલીસ સ્ટાફના આશરે ૯૦,૦૦૦ જવાનોના હેલ્થ ચેક-અપ થયા છે. ઘણા ખરા કિસ્સાઓમાં તેમને કોઈ ગંભીર બીમારીના લક્ષણ આવ્યા નથી. અમદાવાદ "ડી" સ્ટાફના એક એએસઆઈને કૉરોના જેવા લક્ષણો દેખાતા હાલ અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં સાવચેતીના પગલાંરૂપે ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા હોવાનો એકરાર શ્રી ઝાએ કર્યો હતો. ઝાએ ઉમેર્યું કે, શહેરો-નગરોમાં ડ્રોન સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવી છે. જેમાં ડ્રોનના સર્વેલન્સથી ૪૫૨ ગુનાઓ નોંધાયા છે. આ સર્વેલન્સથી આજદિન સુધીમાં ૩૦૧૭ ગુના દાખલ કરીને ૭૦૪૯ લોકોની અટકાયત કરાઈ છે. જ્યારે સ્માર્ટ સિટી અને વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ સીસીટીવી નેટવર્ક દ્વારા ૬૧ ગુના નોંધીને ૧૨૭ લોકોની અટકાયત કરતાં આજ સુધીમાં ૪૬૦ ગુના નોંધી ૯૦૯ લોકોની રાજ્યભરમાંથી અટકાયત કરાઈ છે. આ જ રીતે, સોશીયલ મીડીયાના માધ્યમ દ્વારા પણ ખોટા મેસેજ અને અફવાઓ ફેલાવા સંદર્ભે અત્યાર સુધીમાં ૧૪૯ ગુના દાખલ કરીને ૨૭૩ આરોપીની અટકાયત કરી છે. જો જાહેરનામા ભંગના ગુનાની સંખ્યા જોવા જઈએ તો, તા.૮/૦૪/૨૦૨૦ થી આજ સુધીના કુલ ૨૯૫૬ કિસ્સાઓ, ક્વોરેન્ટિન કરેલ વ્યકિતઓ ધ્વારા કાયદા ભંગના ગુનાની સંખ્યા (આઈપીસી ૨૬૯, ૨૭૦, ૨૭૧) ૮૭૩ તથા અન્ય ગુનાઓ ૩૩૭ (રાયોટીંગ/ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટના) અંતર્ગત કુલ ૬૨૬૫ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. આ સાથે ૪૧૬૩ વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા છે.

સામે આવતા મચી ગયેલા હડકંપને ખાળવાના ભાગરૂપે મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ મીડિયા સામે બચાવની રણનીતિ રજૂ કરતાં જણાવ્યુ હતું કે, શહેરમાંથી હજુ ૧૦૦૦થી વધુ સેમ્પલ લઈને મોકલ્યા છે. એટલે ૧૦૦, ૨૦૦ જેટલા કેસો સામે આવવાની શક્યતા છે. ઝડપી અને ઘનિષ્ઠ સર્વે અને કેસો શોધતા અનેક મોત અટકાવી શક્યા છીએ. ૯૮૨ આરોગ્યની ટીમોમાં ૧૯૦૦ કર્મચારીઓ અને ૭૪ અર્બન હેલ્થ સેન્ટરના સ્ટાફની મદદથી કોટ વિસ્તારમાં ૧ લાખ ઘરોનો ઘરે ઘરે તપાસ કરી રહ્યા છીએ. તાવ, શરદી અને શ્વાસ લેવાની તકલીફ હશે તો સેમ્પલ લેવામાં આવશે.તેમણે વધુમાં જણાવ્યું કે, અમદાવાદના કોટ વિસ્તારમાં કલસ્ટર ઝોન કરી આવતી ટીમને સહકાર આપો. ઘરમાં રહો સુરક્ષિત રહો. ટીમ આવે તો સહકાર આપો. દિવસ રાત આરોગ્યના કર્મચારીઓ કામ કરી રહ્યા છે તમારું જીવન બચાવવા માટે. શહેરમાં કોરોના પોઝિટિવનો બુધવારે એકેય કેસ નોંધાયો ન હતો. જો કે આજે ગુરૂવારે એક સાથે રેકોર્ડબ્રેક ૫૮ કેસો નોંધાયા હતા. તમામ કલસ્ટર કલોરન્ટીન થયેલા વિસ્તારોના છે. બુધવારે ૬૦૦ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા હતા. આમ, અમદાવાદ જિલ્લા અને શહેરમાં કોરોના પોઝિટિવના કુલ ૧૪૨ કેસો નોંધાયા છે. કોરોનાને લઈ નાગરિકોના શરીરના તાપમાનની ચકાસણી માટે અમ્યુકો દ્વારા પૂરતા પ્રમાણમાં થર્મલ ગન પણ વસાવી લેવાઈ હોવાનો દાવો મ્યુનિસિપલ કમિશનરે કર્યો હતો.

### ધાનેરાની મોડલ સ્કૂલ ખાતે કોરેન્ટાઈન કરેલ ૩૩ લોકોને યોગ પ્રાણાયામ કરાવ્યા

ધાનેરા તાલુકામાંથી ધાનેરાની મોડલ સ્કૂલ ખાતે ૩૩ લોકોને કોરેન્ટાઈન કરવામાં આવ્યા છે જેમાં આ લોકોને આજે વહેલી સવારે ધાનેરાના રામ ભાઈ સોલંકી દ્વારા યોગા કરાવવામાં આવ્યા હતા અને તમામ લોકોને પૂરતી દેખરેખ તેમજ તમામ સુવિધાઓ સરકારશ્રી તરફથી આપવામાં આવી છે મીડિયા સાથેની વાતચીતમાં ધાનેરાના પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું કે જે લોકો ને ધાનેરાની મોડેલ સ્કૂલ ખાતેકોરેન્ટાઈન કરેલ છે તે લોકોને દિવસમાં બે ટાઈમ જમવાનું બે ટાઈમ ચા નાસ્તો તેમ જ દર બે કલાકે તેમનું મેડિકલ ચેકઅપ કરવામાં આવે છે અને તેમને સેનિટાઈઝર સહિતની તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

## પોલીસકર્મીની આડોડાઈએ ૧૦૭૯ જરૂરિયાતમંદોનો કોળિયો છીનવ્યો

**પરવાનગી પત્ર બતાવવા છતાં ભોજન વિતરણ કરવા જનારાને સાંજે ૫:૩૦ થી ૮:૪૫ સુધી બેસાડી રાખ્યા : ચીફ ઓફિસર મામલતદાર અને એડીવી પીઆઇએ કહેવા છતાં પોલીસ કર્મીની મનમાની : ૧૧૦૦થી વધુ લોકોનું રાંધેલું ધાન રઝળ્યું : તંત્ર દ્વારા જ કામગીરી સોંપાઈ છે**

૨૧ દિવસનું લોકડાઉન ચાલી રહયું છે અને શહેરના ગરીબ તથા ભિક્ષુવૃત્તિ કરીને બે ટંકનું ખાવાનું મેળવતા લોકોની કફોડી હાલત છે ત્યારે ૨૩ માર્ચથી આવા લોકોને બંને ટંકનું ભોજન પૂરું પાડતા એએચપી અને રાષ્ટ્રીય બજરંગદળના સ્વયં સેવકોને એડિવિઝન પોલીસ સ્ટેશનના એક કર્મચારીએ તંત્રનો પરવાનગી પત્ર બતાવવા છતાં અને ચીફ ઓફિસર, મામલતદાર, એડિવીઝન પીઆઈએ વાત કરવા છતાં બુધવારે સાંજે સાડા ત્રણ કલાક પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખી ૧૦૭૯ જરુરિયાતમંદોનો મોઢાનો કોળિયો છીનવ્યો હતો અને ૧૧૦૦ થી વધુ લોકોનું રાંધેલું ધાન રઝળ્યું હતુ. અક્ષમ્ય શ્રુતિ બદલ કલેકટર દ્વારા કાર્યવાહી હાથ ધરાય તેવી





લાગણી પ્રવર્તી રહી છે. કોરોના સંક્રમણની દહેશતને પગલે ૨૧ દિવસનુ લોકડાઉન અમલી છે તંત્ર દ્વારા ગરીબ બેઘર ભિક્ષુકો જરુરિયાતમંદો ભોજન વગર રહી ન જાય તે માટે સંસ્થાઓના સહયોગથી તેમના ભોજન માટે વ્યવસ્થા કરાઈ છે. સા.કા. રાષ્ટ્રીય બજરંગ દળના અધ્યક્ષ કનકસિંહ ઝાલાએ જણાવ્યું કે શહેરના જલારામ મંદિર ખેડતસીયા રોડ, બળવંતપુરા બાગીચા વિસ્તાર, છાપરીયા કેનાલ પટ્ટી, મંદિરો આગળ રહેતા લોકો આરટીઓ સર્કલ સહિતના વિસ્તારોમાં સર્વે કરી ૧૦૭૯ રૂરિયાતમંદોની યાદી બનાવી ૨૩ માર્ચથી તેમને ભોજન પહોંચાડાઈ રહ્યું છે અને શહેરના ભિક્ષુકો ગરીબ જરૂરિયાતમંદોને ભોજન પહોંચાડવાની તંત્ર દ્વારા જ જવાબદારી સોંપવામાં આવી છે. બુધવારે સાંજે ૧૧૦૦ લોકોનું ભોજન બનાવી પાર્સલ પહોંચાડવા નીકળેલા સ્વયંસેવકોને ભરતભાઈ ચાવડા નામના પોલીસ કર્મીએ સાંજે ૫.૩૦ કલાકે પકડીને પોલીસ સ્ટેશન બેસાડી દીધા દરમિયાનમાં ચીફ ઓફિસર મામલતદાર નાયબ મામલતદાર વગેરે આ પોલીસકર્મી સાથે વાત કરી તેમણે ઉમેર્યું કે એડિવિઝન પીઆઈ એ પણ વાત કરી પરવાનગી પત્ર બતાવવા છતાં આ પોલીસકર્મી કોઈનું ન માન્યો. સાંજે ૯ કલાકે પી.એસ.આઈ. ચાવડા આવતા તેમણે વાત કરતા આ પોલીસકર્મીએ બીજા કામમાં વ્યસ્ત હતો જેવો વાહિયાત જવાબ આપી રાત્રે નવ વાગ્યા પછી સ્વયંસેવકોને છોડ્યા. પોલીસકર્મીના અહંકારે ૧૦૭૯ લોકોના મોઢાનો કોળિયો છીનવતા ભારોભાર રોષ પેદા થયો છે અને જિલ્લા કલેકટરની સુચનાની અવમાનના બદલ કડક કાર્યવાહી થાય તેવી માંગ થઈ રહી છે.

### ડીસામાં લોકડાઉન દરમિયાન જાહેરનામાનો ભંગ કરનાર ૩૯ સામે ફરિયાદ

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસની મહામારીએ હાહાકાર મચાવી દીધો છે આ મહામારી ભારતમાં પણ પ્રવેશી ચુકી છે જેને લઈ ને સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન અપાયું છે તેમાંય બનાસકાંઠા જિલ્લાના ડીસા માં લોકડાઉન હોવા છતાં પણ લોકો અવાર નવાર લોકડાઉનના આદેશનો ભંગ કરી બહાર ફરતા હોય છે ત્યારે પોલીસ પણ આવા ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જેમાં બુધવાર અને ગુરૂવારના દિવસ દરમિયાન કલેકટરના જાહેરનામાનો ભંગ કરી લોકડાઉન દરમિયાન બહાર ફરતા ૩૯ ઈસમો સામે કલમ ૧૮૮, ૨૬૯ અને ૧૧૪ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે

### રજા અપાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલ વિગતો મુજબ કોરોનાના જે દર્દીઓ હાલ સારવાર હેઠળ છે તેમની તબિયત સ્થિર છે. એક વૃદ્ધ દર્દીને વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોવિડ હોસ્પિટલમાં તબદીલ કરવાની કાર્યવાહી પણ વેગીલી કરી દેવામાં આવી છે અને આ સપ્તાહના અંત સુધીમાં તે પૂર્ણ થઈ જાય તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે. જિલ્લા કક્ષાએ આ અંગે બેઠકોનો ધમધમાટ વધી જવા પામ્યો છે.

### રૌદ્ર સ્વરૂપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અસર ઘટતા પુન : ગરમી વધશે. જેમાં એપ્રિલના આ દિવસોમાં રેકર્ડ બ્રેક ગરમી પડશે. ગરમીનો પારો ૪૨ ડીગ્રીને પાર પહોંચી જશે. જયારે તા ૨૦ એપ્રિલ બાદ રપ્પણ ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. જયારે ૧૧ એપ્રિલ બાદ અરબસાગર , હીંદ સાગર તેમજ બંગાળના ઉપસાગર પર ચોમાસાની અસર શરૂ થતા ધીમે ધીમે વેપાર વાયુની ગતિવિધી વધતા ચોમાસાના શુભ સંકેતો વધશે. જયારે ૧૫ એપ્રિલ બાદ વચ્ચે વાતાવરણ પલ્ટાની અસર પણ જોવા મળશે આ દિવસોમાં ક્યારેક વાદળિયુ વાતાવરણ પણ રહેશે. એપ્રિલના આ સમયગાળા દરમિયાન મધ્ય ગુજરાત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, સુરેન્દ્રનગર અમરેલી, ભુજ અને રાજસ્થાનમાં પણ આક્રમક ગરમી પડશે.

### ૧૫ લાખ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૌથી અસરગ્રસ્ત દેશોમાં અમેરિકા, ઈટાલી, ચીન, ફ્રાન્સ અને જર્મનીનો સમાવેશ થાય છે. ચીનમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઇ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે.વિશ્વના તમામ દેશોમાં દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ચીનમાં સ્થિતી ધીમે ધીમે કાબુમાં આવી રહી છે. ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. જે સંકેત આપે છે કે ચીનમાં કોરોના પર અંકુશ મુકવામાં હવે સફળતા મળી રહી છે. જે ત્યાંના લોકો માટે મોટી રાહતની બાબત છે. દુનિયાના દેશો તેની સામે લડી રહ્યા છે પરંતુ કોરોનાના કારણે કેસો અને મોતના આંકડા પર અંકુશ મુકવામાં સફળતા મળી રહી નથી. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. કોરોના વાયરસનો આ આંકડો દરિયામાં પાણીની એક બુંદ સમાન છે. કારણ કે વાયરસના કારણે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વિશ્વમાં ખુબ વધારે છે. રિકવર પણ મોટી સંખ્યામાં લોકો થઈ રહ્યા છે. જો કે સ્થિતીને સામાન્ય બનાવી દેવા માટેના પ્રયાસો યુદ્ધના સ્તર પર તમામ દેશો કરી રહ્યા હોવા છતાં સ્થિતી સુધારો થઈ રહ્યો નથી. સ્પેન, અમેરિકા, ઈટાલી સહિતના દેશો વધારે અસરગ્રસ્ત થયા છે. તેમના પગલા પણ હવે અપુરતા સાબિત થઈ રહ્યા છે.

### હાલત ખરાબ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક્શન લેવામાં ખુબ વિલંબ થઈ ગયા બાદ હાલત ખરાબ થઈ છે. ઈન્દોર બાદ પાટનગર ભોપાલમાં સ્થિતી ખરાબ દેખાઈ રહી છે. જ્યાં કોરોનાના ૯૪ કરતા વધારે કેસો રહેલા છે. જેમાં ૫૦થી વધારે આરોગ્ય કર્મચારીઓ અને અધિકારીઓ સામેલ છે. વધતા જતા ખતરાને ધ્યાનમાં લઈને સરકારે કેટલાક કઠોર નિર્ણય કર્યા છે. ભોપાલના સીએમએચઓને દુર કરવામાં આવ્યા છે. કહેવામાં આવી રહ્યુ છે કે સરકાર સ્થિતીને કાબુમાં લેવામાં નિષ્ફળ છે. હવે પ્રદેસમાં એસ્મા પણ લાગુ કરવામાં આવ્યો છે. દરમિયાન વિભાગ દ્વારા તમામ પિડિત કર્મચારીઓના કોન્ટ્રાક્ટ ઈતિહાસમાં ધ્યાન આપી રહી છે. ઉજ્જેનમાં પણ કોરોનાના કારણૅ હજુ સુધી પાંચથી વધુ લોકોના મોત થયા છે. અહીં કોરોનાના ૧૫ મામલા સપાટી પર આવી ચુક્યા છે. રાજ્ય સરકારે આ શહેરને સીલ કરવાનો નિર્ણય કર્યો છે. લોકોની અવરજવરને પૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવી છે. મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન દેશમાં જારી લોકડાઉનની અવધિને લંબાવી દેવાની વાત કરી ચુક્યા છે. ઉજ્જૈનમાં મેડિકલ ટીમ સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું છે. બીજી બાજુ બિહારમાં વિદેશથી આવેલા લોકોના પરિણામ સ્વરુપે કોરોના પોઝિટિવ કેસોમાં ઉલ્લેખનીય વધારો થઈ રહ્યો છે. નીતિશકુમાર સરકાર બહારથી આવેલા લોકો ક્વોરનટાઈન કરી શકી નથી તેવો પ્રશ્ન થઈ રહ્યો છે. એકલા સિવાનમાં ૨૦ લોકો પોઝિટિવ આવ્યા છે. સિવાનમાં વધુ એક શખ્સ પોઝિટિવ આવ્યો છે. બિહારમાં કુલ પોઝિટિવ કેસોની સંખ્યા ૫૦થી ઉપર પહોંચી ચુકી છે જે પૈકી એકલા સિવાન જિલ્લામાંથી ૨૦થી વધુની સંખ્યા થઈ છે. સિવાન બિહારમાં વુહાન બનવાની દિશામાં હોવાની વાત પણ ઘણા લોકો કરી રહ્યા છે. દેશના ઘણા વિસ્તારોએ ધબકારા વધારી દીધા છે જેમાં મુંબઈ, પુણે, ઈન્દોર, ભોપાલ, ઉજ્જૈન અને લખનૌનો સમાવેશ થાય છે.

### જમાતના છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોરોનાના કેસો વધ્યા છે કે કેમ તેને લઈને ચર્ચા છે ત્યારે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ કહ્યું છે કે, દિલ્હીમાં ૨૦ વિસ્તારો કોરોના વાયરસના હોટસ્પોટ બની ગયા છે. આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યું છે કે, કોરોના વાયરસના ટેસ્ટિંગ કિટ આવતાની સાથે જ સમગ્ર રાજ્યમાં મોટાપાયે ટેસ્ટ અભિયાન ચલાવવામાં આવશે. રાજ્યમાં હજુ સુધી ૬૭૦ કોરોના કેસો થઈ ચુક્યા છે જે પૈકી ૪૨૬ નિઝામુદીન મરકઝ સાથે જોડાયેલા છે. છેલ્લા ૨૪ કલાકમાં જ દિલ્હીમાં ૯૩ નવા દર્દીઓ આવ્યા છે જે તમામ તબલીગી સાથે જોડાયેલા છે. આ લોકોને પાટનગરના જુદા જુદા ક્વોરનટીન કેન્દ્રોમાં રાખવામાં આવ્યા છે. નિયંત્રણમાં સ્થિતિ ન આવે ત્યાં સુધી અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકડાઉનની સ્થિતિ રહેશે. દિલ્હીમાં અનેક જગ્યાઓ સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવી છે જેમાં ગાંધી પાર્ક અને માલવીયનગરની આસપાસના વિસ્તારો, ગલી સંખ્યા ૬, સહજાનાબાદ સોસાયટી, દિનપુર ગાંવ, મરકઝ મસ્જિદ અને નિઝામુદીન બસ્તી, પશ્ચિમ નિઝામુદીન, બ્લોક-બી જહાંગીરપુરી, મનસારા એપાર્ટમેન્ટ, ખિચીડપુર, ગલી સંખ્યા ૯ પાંડવનગર, વર્ધમાન એપાર્ટમેન્ટ, મયુરધ્વજ એપાર્ટમેન્ટ, ગલી સંખ્યા ૪, જમ્મુ કાશ્મીર પોકેટ એલ, બ્લોક જી, બ્લોક એફ દિલશાન કોલોની, ઝિલમિલ કોલોનીમાં પ્રતાપગઢ જેવા વિસ્તારોને સીલ કરવામાં આવ્યા છે. કારણ કે, આ તમામ વિસ્તારોમાં કેસોમાં એકાએક વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં એકલા દિલ્હીમાં જ ૯૩ નવા દર્દીઓ આવ્યા છે અને આ તમામ દર્દી કોરોનાના હોવાથી હાહાકાર મચી ગયો છે. કુલ કેસો પૈકી ૪૨૬થી વધુ જમાત સાથે જોડાયેલા લોકો છે જે સાબિત કરે છે કે, દિલ્હીમાં મરકઝના કારણે જ કેસોમાં ભડકો થયો છે.

### સ્પષ્ટ સૂચન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈક્વિપમેન્ટની કમીને લઈને ચિંતાની કોઈ બાબત નથી. જ્યાં જરૂર છે ત્યા પીપીઈ કિટ આપવામાં આવી રહી છે. દરેક જગ્યા પર પીપીઈની જરૂર નથી જ્યાં ખતરો છે ત્યાં કુલ કેન્ટેઈન્ટમેન્ટવાળી પીપીઈની જરૂર દેખાઈ રહી છે. આરોગ્ય મંત્રાલય તરફથી સંયુક્ત સચિવે કહ્યું હતું કે, એન-૯૫ માસ્કને ૮ કલાક સુધી ઉપયોગ કરી શકાય છે. હાઈડ્રોક્સીક્લોરોક્વિન દવા તમામને આપવામાં ન આવે. માર્ગદર્શિકા મુજબ પાલન કરવામાં આવે તે જરૂરી છે. રેલવેની કામગીરીની આરોગ્ય મંત્રાલય દ્વારા પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, રેલવે દ્વારા ૩૨૫૦ કોચને કોવિડ-૧૯ આઈસોલેશન યુનિટમાં ફેરવી દેવામાં આવ્યા છે. રેલવે દ્વારા અઢી હજારથી વધારે

તબીબો અને ૩૫૦૦૦થી વધારે પેરામેડિકલ સ્ટાફને લગાવ્યા છે. તેમની હોસ્પિટલની સમગ્ર ચેઈન કોરોના સામે લાગી ગઈ છે. હરિયાણાના કર્નાલમાં ૧૩ હજાર જરૂરિયાતવાળા પરિવારને ૬૪ લાખ રૂપિયાની મદદ આપવામાં આવી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે કહ્યું છે કે, છેલ્લા એકથી દોઢ મહિનાની વચ્ચે પોઝિટિવ રેંજ ૩થી ૫ ટકાની રહી છે. તેમણે કહ્યું છે કે, હજુ સુધી ૧૩૦૦૦૦ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. પોઝિટિવ રેંજમાં વધારો થયો નથી. આરોગ્ય મંત્રાલયમાં મંત્રણાનો દોર દરરોજ ચાલી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં પણ અનેક બેઠકો થઈ ચુકી છે.